# સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦
NAAC Accreditation with Grade - 'A'
વેબસાઈટઃ www.spuvvn.edu ફોનઃ (૦૨૬૯૨) ૨૨૬૮૦૭ / ૨૨૬૮૫૭

## પરિપત્ર

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીએ કોમન એક્ટ લાગુ કર્યા બાદ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર-ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫થી સ્નાતકના અભ્યાસક્રમો માટે ઓનલાઇન સેન્ટ્રલાઇઝ પ્રવેશ પ્રક્રિયા સૂચારૂ રૂપે થાય પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકો માટેનું સમયપત્રક ચર્ચા વિચારણા કરવા મા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ઓનલાઇન સેન્ટ્રલાઇઝડ પ્રવેશ સમિતિની સભા **તારીખઃ ૦૧/૦૭/૨૦૨૪ના રોજ ૪.૦૦ કલાકે નવા સિન્ડિકેટ હોલ ખાતે** મળી હતી.

સભામાં ચર્ચા વિચારણાના અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ બાબતે GCAS પોર્ટલ પર હવેથી નીચે મુજબના સમયપત્રક મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

| તારીખ | વિગત |
|---|---|
| ૦૪/૦૭/૨૦૨૪ થી ૦૬/૦૭/૨૦૨૪ | ૧. અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ ઉપર તારીખ.૦૪/૦૭/૨૦૨૪ થી ૦૬/૦૭/૨૦૨૪ સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>**૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.**<br>૩. જે વિદ્યાર્થીઓએ અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરેલ છે, તેવા વિદ્યાર્થીઓ પોતાના ફોર્મમાં માર્ક્સ/CGPAમાં વિસંગતતા હોય, નવો અભ્યસક્રમ/વિષય ઉમેરવા હોય-રદ કરાવવા હોય અને નવી કોલેજ-વિભાગની પસંદગી ઉમેરવી હોય-રદ કરવી હોય તે કરી શકશે. |
| ૦૮/૦૭/૨૦૨૪ થી ૧૦/૦૭/૨૦૨૪ | ૧. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ તથા તા. ૦૪/૦૭/૨૦૨૪ થી તા. ૦૬/૦૭/૨૦૨૪ સુધી GCASપોર્ટલ ઉપર નવા ભરાયેલા પ્રવેશ ફોર્મના GCASદ્વારા આપવામાં આવેલ ડેટા ના આધારેખાલી રહેતી બેઠકો ઉપર જે તે કેટગરીમાં મેરીટ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઓફર આપવાની રહેશે.<br>૨. ઓફરના આધારે પ્રવેશ માટે આવેલ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી માન્ય ફી ભરાવી, અગાઉ જાહેર કરેલ યુનિવર્સિટી પરીપત્ર મુજબ GCASપોર્ટલ પર વિદ્યાર્થીનો પ્રવેશ ફાળવવાનો રહેશે |

નં. ડી/ઈ/૧૦/ ૧૮૫૮
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૩/૭/૨૦૨૪

કુલસચિવ

નકલ રવાના :
૧. સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યો તરફ જાણ તેમજ કાર્યવાહી સારૂ.
૨. પ્રિ. ઉર્વી પી. દવે, ક્લસ્ટર કૉ-ઓર્ડિનેટર, ભાઇકાકા સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોજીત્રા